**પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયકોની ભરતી કરવા કેન્દ્રીયકૃત પસંદગી સમિતિની રચના તથા કાર્યો બાબત...**

ગુજરાત સરકાર,
શિક્ષણ વિભાગ,
ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૦-સીંગલફાઇલ ક્રમાંક:૧૧-ક,
સચિવાલય,ગાંધીનગર.
તા.૨૫-૫-૨૦૧૦

**વંચાણે લીધા:-**

(૧) શિક્ષણ વિભાગનો તા.૧૫-૪-૨૦૧૦નો ઠરાવ ક્રમાંક:પીઆરઇ-૧૧૧૦-૨૨૩-ક.

(૨) નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ ગાંધીનગરની તા.૧૪-૫-૨૦૧૦ની સીંગલ ફાઇલ ક્રમાંક:૯/૨૦૧૦.

**આ મુ ખ :-**

ભારત સરકારના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણના અધિકાર, અધિનિયમ-૨૦૦૯ અને ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ-૨૦૧૦ અન્વયે ગુજરાતમાં પ્રાથમિક શિક્ષણમાં કેટલાક સુધારા કરવા જરૂરી છે તે અન્વયે રાજયમાં પ્રાથમિક શિક્ષણમાં ધોરણ ૧ થી ૮નો સમાવેશ કરી ધોરણ ૧ થી ૫ નિમ્ન પ્રાથમિક શિક્ષણ અને ધો.૬ થી ૮ ઉચ્ચ પ્રાથમિક શિક્ષણ ગણાશે તેમ આમુખ ક્રમાંક-૧ના ઠરાવથી ઠરાવેલ છે

ગુજરાત શૈક્ષણિક કાયદા (સુધારા) અધિનિયમ-૨૦૧૦ વિધાનસભામાં પસાર કરીને તા.૧-૪-૧૦ થી આ અધિનિયમ અમલમાં મુકવામાં આવેલ છે. આ સુધારા અધિનિયમના ક્રમાંક:૩ થી મુંબઇ પ્રાથમિક શિક્ષણ અધિનિયમ-૧૯૪૭ની કલમ-૨૩ની જોગવાઇઓમાં ફેરફાર કરી રાજયની જિલ્લા શિક્ષણ સમિતિ અને નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓ માટે સ્ટાફની ભરતી માટે રાજયકક્ષાની પસંદગી સમિતિની રચના કરવાનું અને જરૂરીયાત મુજબ દરેક જિલ્લાઓને નિમણૂંક માટે ફાળવણી કરવા જોગવાઇ કરવામાં આવેલ છે. આમેજ કરવામાં આવેલ ફેરફારને અનુલક્ષીને ઉપર જણાવ્યા મુજબ રાજયની જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ અને તમામ નગર સંચાલિત શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓ માટે સ્ટાફની ભરતી કરવા તથા તેને આનુષાંગિક કાર્યવાહી કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. આ બાબતે રાજય સરકારે પુખ્ત વિચારણા કરી નીચે મુજબ ઠરાવે છે.

**ઠ રા વ :-**

**(૧) રાજયકક્ષાએ રાજય સ્તરની પસંદગી સમિતિ.**

સ્ટાફની ભરતી માટે રાજય કક્ષાએ એક રાજય સ્તરની નીચે મુજબની પસંદગી સમિતિ રહેશે. આ સમિતિ " ગુજરાત રાજય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ" કહેવાશે.

| | | |
|---|---|---|
| (૧) | નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ | અધ્યક્ષશ્રી |
| (૨) | નાયબ સચિવશ્રી (પ્રા.શિ.) | સભ્યશ્રી |
| (૩) | નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ | સભ્યશ્રી |
| (૪) | નાયબ પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી | સભ્ય સચિવશ્રી |

**(૨) પ્રવેશપધ્ધતિ:-**

રાજયકક્ષાની પસંદગી સમિતિ સ્ટાફની ભરતી કરવા માટે ઉમેદવાર પાસેથી અરજીઓ મંગાવશે. ઉમેદવાર અરજી નિયત ફોર્મમાં જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલો અને નિયત ફી સાથે ગમે તે જિલ્લામાં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી અથવા શાસના અધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવશે



૨૬/૫/૧૦

અને ફોર્મ જમા લેતી વખતે ઉમેદવારોના ફોર્મની ચકાસણી કરવામાં આવશે તે પછી મેરીટ પ્રમાણે ઉમેદવારોની યાદી તૈયાર કરી જે તે જિલ્લામાં જરૂરીયાત મુજબના ઉમેદવારોની પસંદગી સમિતિ ધ્વારા ફાળવણી કરવામાં આવશે અને જે તે જીલ્લા/નગર પ્રાથમિક શિક્ષણ સમિતિએ ફાળવાયેલ ઉમેદવારોનાં ફરીથી અસલ પ્રમાણપત્રો સાથે ફોર્મની ચકાસણી કરી નિમણુંક આપવાની રહેશે.

**(૩) પ્રતિક્ષાયાદી:-**

**(અ)** પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રીની પસંદગી સમિતિએ ઉમેદવારોની પસંદગી યાદીમાં દર્શાવેલી જગ્યાઓની ૧૦ ટકાની મર્યાદામાં કેટેગરી વાઇઝ પ્રતિક્ષા યાદી તૈયાર કરવાની રહેશે. પ્રતિક્ષાયાદી તૈયાર થયા તારીખથી એક વર્ષ અથવા પછીની ભરતી પ્રક્રિયાના આધારે જે તારીખે નવી પસંદગી યાદી તૈયાર થાય તે તારીખના આગળના દિવસના કચેરી સમયે એ બે માંથી જે વહેલું હોય ત્યાં સુધી અમલમાં રહેશે. આ સમય મર્યાદા પૂર્ણ થતાં પ્રતિક્ષા યાદી આપોઆપ રદ થયેલ ગણાશે.

(બ) પ્રતિક્ષાયાદીનો ઉપયોગ નીચેના સંજોગોમાં કરવાનો રહેશે.

(૧) સ્ટાફની ભરતી માટે કોઇ ઉમેદવાર કે જેઓને મેરીટ પ્રમાણે જિલ્લાની ફાળવણી થાય ત્યારે શિક્ષણ સમિતિએ આપેલ તારીખે (અથવા વધારી આપેલ તારીખ સુધી)સમિતિ સમક્ષ પ્રમાણપત્રોની ચકાસણી માટે હાજર ના થાય અથવા નિમણુંક પત્ર મેળવ્યા પછી નકકી કરેલ (અથવા અરજીથી વધારેલ) તારીખ સુધી હાજર ન થાય ત્યારે આ પ્રમાણે જિલ્લાઓમાં ખાલી પડતી જગ્યાઓ ઉપર પ્રતિક્ષાયાદી ઉપરના ઉમેદવારોને નિમણુંક આપવાની રહેશે. બીજા જિલ્લામાં ફાળવાયેલ ઉમેદવારને કોઇ સંજોગોમાં રીશફલીંગ કરી આપવામાં આવશે નહીં.

(૨) સંબંધિત પસંદગી યાદીમાંનો ઉમેદવાર નિયત લાયકાત (શૈક્ષણિક/ઉંમર વિષયક/ મેડીકલ ફીટનેશ/અન્ય) ધરાવતા નથી તેવું પુરવાર થતાં તેની નિમણૂંક રદ થવાથી જગ્યા ખાલી પડે/રહે.

(૩) સંબંધિત પસંદગી યાદીમાંથી નિમણૂંક આપેલ ઉમેદવાર હાજર થયા પછી રાજીનામું આપે તે કારણથી જગ્યા ખાલી પડે.

**(૪) અરજી ફી :-**

વિદ્યાસહાયકની જગ્યા માટે નિમણુંક મેળવવા ફોર્મ જમા કરાવવાની સાથે સામાન્ય ઉમેદવારે રૂા.૨૦૦/- અને અનુસૂચિત જાતિ/જનજાતિ/સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે ફોર્મ ફી પેટે રૂા.૧૦૦/- ભરવાનાં રહેશે.

રાજય કક્ષાની પસંદગી સમિતિએ ફીની આવક અંગે બેંકમાં ખાતુ ખોલાવી તેના અલગથી હિસાબો નિભાવવાના રહેશે. ફોર્મની આવકમાંથી સ્ટાફની ભરતી સંબંધી તમામ ખર્ચ કરી શકાશે. જો ફીની આવક કરતાં ખર્ચ વધુ થાય તો તે ખર્ચ રાજય સરકારે ભોગવવાનો રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એસ.બી.ગરાસિયા)
નાયબ સચિવ(પ્રાથમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ
ગુજરાત સરકાર.

પ્રતિ,

- માન. રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.

PRE-142010-242076-k.doc

- તમામ માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/માન.સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી (શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય,ગાંધીનગર.
- સચિવશ્રી,(પ્રાથમિક શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના તમામ વિભાગો, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, મધ્યાહન ભોજન યોજના અને શાળાઓ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર, સર્વ શિક્ષા અભિયાન, સેકટર-૧૭, ગાંધીનગર.
- નિયામકશ્રી, નિરંતર શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- નિયામકશ્રી, જી.સી.ઇ.આર.ટી. ગાંધીનગર.
- નિયામકશ્રી, ગુજરાત રાજ્ય પાઠય પુસ્તક મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.
- તમામ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીઓ.
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ,
- તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શિક્ષણાધિકારીશ્રીઓ
- સર્વે શાસનાધિકારીશ્રી, મહાનગરપાલિકા, નગરપાલિકા અને નગર પંચાયત.

(ઉપરના ચાર માટે: નિયામકશ્રી પ્રાથમિક શિક્ષણ મારફત)

- એકાઉન્ટન્ટ જનરલ, રાજકોટ/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ગુ.રા. ગાંધીનગર.
- માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, ગાંધીનગર તરફ રાજ્યના અગ્રણી દૈનિક અખબારોમાં પ્રસિધ્ધિ અર્થે.
- શિક્ષણ વિભાગના તમામ અધિકારીશ્રીઓ.
- શિક્ષણ વિભાગની સર્વે શાખાઓ.
- સિલેકટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી સિલેકટ ફાઇલ.